



પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓક્ટોબર ૩૧, ૨૦૨૨ • કારતક સુદ ૭ સંવત ૨૦૭૯

Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State
for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi, IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR
PRIVATE CIRCULATION ONLY

# એકતાનગર ખાતેથી મિશન લાઇફનું ગ્લોબલ લોંચિંગ કરતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી




વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એકતાનગર ખાતેથી મિશન લાઇફનું ગ્લોબલ લોંચિંગ કરતા જણાવ્યું કે, ભારત આજે સમગ્ર વિશ્વમાં પ્રગતિ અને પ્રકૃતિ વચ્ચે સંતુલનનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે. તબક્કાવાર લેવાયેલા પગલાંઓને પરિણામે ભારત પર્યાવરણના સંરક્ષણની દિશામાં મક્કમતાથી આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, વિશ્વમાં ચાર ટનની સાપેક્ષે ભારતમાં કાર્બન ફૂટ પ્રિન્ટનું પ્રમાણ માત્ર પ્રતિ વ્યક્તિ દોઢ ટન છે. શ્રી મોદીએ જણાવ્યું કે, પુનઃપ્રાપ્ય ઊર્જા અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં પગલાં શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. રાજ્યના દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે નહેરો પર સોલાર પેનલ લગાવવાની હોય કે પછી જળ સંરક્ષણની યોજનાઓ શરૂ કરવાની હોય, ગુજરાત હંમેશા અગ્રણી અને ટ્રેન્ડસેટર સ્ટેટ તરીકે આગળ આવ્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા યુએન મહાસચિવ શ્રી એન્ટીનિયો ગુટેરેસે જણાવ્યુ હતું કે આપણે કુદરતીના સંસાધનોને વિવેકપૂર્ણ અને આદર સાથે વાપરવા જોઈએ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મિશન લાઈફ ૨૧મી સદીનું સૌથી મોટું પર્યાવરણ આંદોલન બની રહેશે એમ જણાવ્યુ હતું.

(Source : https://cmogujarat.gov.in)

# લોજિસ્ટીકસ માલ-સામાનની સરળતાએ હેરફેરની કાર્યક્ષમતા LEADSમાં ગુજરાત સતત ચોથા વર્ષે દેશભરમાં અગ્રેસર

દેશમાં વિકાસના રોલ મોડેલ રહેલા ગુજરાતની ગૌરવગાથામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વધુ એક સિદ્ધિનું સિમાચિન્હ ઉમેરાયું છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લોજિસ્ટીકસ ઇઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટસ ઇન્ડેક્ષ-LEADS-૨૦૨૨માં ગુજરાતે ટોપ પર્ફોર્મર સ્ટેટની અચિવર્સ કેટેગરીમાં સ્થાન મેળવ્યું છે. દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજીત પી.એમ.ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન અંગેના વર્કશોપ દરમ્યાન કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલ દ્વારા જાહેર કરાયેલા LEADS રિપોર્ટ મુજબ ગુજરાતે માલ-સામાનની સરળતાએ હેરફેરની કાર્યદક્ષતામાં સતત ચોથીવાર અગ્રિમ રાજ્યની શ્રેણીમાં સ્થાન જાળવી રાખ્યું છે. દેશમાં ઇન્ટીગ્રેટેડ લોજિસ્ટીકસ ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના હેતુથી ભારત સરકાર દ્વારા દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોજિસ્ટીકસ ક્ષેત્રે સંકળાયેલા સ્ટેક હોલ્ડર્સના અભિપ્રાયો, મંતવ્યો મેળવીને તથા ઓનલાઇન સર્વે હાથ ધરીને આ LEADS ઇન્ડેક્ષ તૈયાર કરવામાં આવે છે. આ વર્ષે દેશભરમાંથી ૨૧૦૦ જેટલા રિસ્પોન્ડર્સ પાસેથી ૬૫૦૦ થી વધુ અભિપ્રાયો મળ્યા હતા. લિડસ-૨૦૨૨ અન્વયે આ વર્ષે ક્લાસીફિકેશન બેઇઝડ પરફોમન્સ ગ્રેડીંગ આપવામાં આવેલા છે. ગુજરાતે તેમાં ૯૦ ટકાથી વધુ રેન્કીંગ મેળવી એચીવર્સ કેટેગરીમાં પોતાનું ગૌરવવંતુ સ્થાન અંકિત કર્યુ છે.

(Source : https://cmogujarat.gov.in)

વ્હાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## ગુજરાતી સમાજ ઓફ શિકાગો દ્વારા દિવાળીની ઉજવણી

શિકાગોના ગુજરાતી સમાજે વિલો બ્રૂકમાં એક ભવ્ય ભોજન સમારંભ સાથે દિવાળી ૨૦૨૨ની ઉજવણી કરી હતી જેમાં ૯૦૦થી વધુ સભ્યોએ હાજરી આપી હતી. GSCના પ્રમુખ ભાવેશ શાહ અને GSC સલાહકાર




પરિષદના અધ્યક્ષ સૂર્યકાંત પટેલે ઉપસ્થિત સૌને આવકાર્યા હતા અને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. ભારતના 'રંગરસીયા' જૂથ દ્વારા મનોરંજક કાર્યક્રમ રજૂ થયા હતા. કાર્યક્રમના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ માટે GSCના નવા ચૂંટાયેલા અધિકારીઓની જાહેરાત કરવામાં આવી હતી જેમાં પ્રમુખ દક્ષેશ મોદી, ઉપપ્રમુખ વત્સલ શાહ સહિત હોદ્દેદારો નિમાયા હતા.

(Source : www.newsindiatimes.com)

## શ્રી ગુજરાતી સમાજ કોરબા દ્વારા દિવાળીની ઉજવણી

શ્રી ગુજરાતી સમાજ કોરબા (છત્તીસગઢ) દ્વારા સમાજ ભવન ખાતે આયોજિત નવા વર્ષ અને દીપાવલી સભાને સંબોધિત પ્રમુખ નલીનભાઈ શાહે જણાવ્યું છે કે કોઈપણ સમાજની એકતા માટે એકજૂથતા



જરૂરી છે. ગુજરાતી સમાજની પ્રગતિમાં આ એકતાનો આધાર રહ્યો છે, જેને આપણે વધુ મજબૂત બનાવવાનો છે. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના વરિષ્ઠ સભ્યોએ તેજસ્વી વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માન આપ્યું હતું. નલીનભાઈએ નવી કારોબારીની જાહેરાત પણ કરી હતી.

(Source : https://khatpatnews.com)

## અમદાવાદના પૂર્વ રેન્જ IG IPSના પુત્ર ન્યૂયોર્કમાં પોલીસ ઑફિસર બન્યાં


અમદાવાદના પૂર્વ રેન્જ IG અને IPS સ્વ. કેસરીસિંહ ભાટીના પુત્ર ન્યૂયોર્કમાં પોલીસ ઓફિસર બન્યાં છે. પિતાને આઇપીએસ ઓફિસર તરીકે ગુજરાત પોલીસ ખાતામાં પ્રશંસનીય ફરજ બદલ મરણોત્તર ચંદ્રક



રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે ગત મહિને એનાયત કરાયો હતો. તેમના પુત્ર જયદેવસિંહ ભાટીએ સ્વર્ગસ્થ પિતાનું સપનું સાકાર કર્યું હોય, એમ વિશ્વની સૌથી મોટી અને ચુનંદા પોલીસ ફોર્સ તરીકે ગણાતી અમેરિકાના ન્યૂયોર્કમાં પોલીસ ઓફિસર તરીકે પોસ્ટિંગ મેળવી સમગ્ર વિશ્વમાં માત્ર અમદાવાદ નહીં પણ ગુજરાતનું નામ ઝળહળતું કર્યું છે. (Source : www.divyabhaskar.co.in)

## યુએનમાં ગુજરાતી યુવાન કૃણાલ શાહે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું

કૃણાલ શાહે સંયુક્ત રાષ્ટ્રના વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠકમાં સમગ્ર વિશ્વને સંબોધન કર્યું હતું. અમદાવાદના



મેમનગરના રહેવાસી ૨૬ વર્ષીય કૃણાલ શાહે એમકોમ સુધીનો અભ્યાસ કર્યો છે અને લોકડાઉન દરમિયાન સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપનો અભ્યાસ યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડમાંથી કર્યો હતો. શરૂઆતથી જ કૃણાલ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો હતો. લોકડાઉન દરમિયાન અને તે પછી પણ તે યુવાનોની રોજગાર બાબતે મેન્ટરશિપ કરી રહ્યો છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં તેને રસ હોવાથી તેણે એપ્લાય કર્યું હતું. કૃણાલે યુવાઓ માટે સ્કિલ, મેન્ટલ હેલ્થ અને ક્લાઈમેન્ટ ચેન્જ પર કામ કર્યું હતું જેના કારણે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં તેની પસંદગી થઈ હતી.

(Source : www.divyabhaskar.co.in)

## ડુંગરપુરના ગુજરાતી લેઉવા પાટીદાર સમાજ દ્વારા ક્રિકેટ પ્રતિયોગિતા

દિવાળી નિમિત્તે રાજસ્થાનના શિવરાજપુરમાં ગુજરાતી લેઉઆ પાટીદાર સમાજ સમલીયા ચોખલેની ક્રિકેટ સ્પર્ધા યોજાઈ હતી



જેમાં શિવરાજપુરની ટીમ વિજેતા બની હતી. ઈવેન્ટ સાથે સંકળાયેલા દિલીપ પાટીદારે જણાવ્યું કે ફાઈનલ મેચમાં શિવરાજપુરે નિર્ધારિત ૧૦ ઓવરમાં ૯૩ રન બનાવ્યા હતા. જે સામે કરાડાની ટીમ ૭૧ રન બનાવી શકી હતી. સ્પર્ધાના મેન ઓફ ધ સિરીઝ હિતેશ પાટીદાર, બેસ્ટ બોલર ભરત કરડા, બેસ્ટ બેટ્સમેન લોકેશ પાટીદાર રહ્યા હતા. સમાપન સમારોહમાં જિલ્લા પરિષદના સદસ્યો સહિતના મહેમાનોએ વિજેતા અને રનર અપ ટીમ સાથે સારો દેખાવ કરનાર ખેલાડીઓનું સન્માન કર્યું હતું.

(Source : www.bhaskar.com)

## ઠક્કર દંપતીનો ૨૨ દેશમાં થઈ ૫૫ દિવસનો રોમાંચક કારપ્રવાસ

ગુજરાતના દંપતી હેમાંગ ઠક્કર અને પ્રીતિ ઠક્કર ૨૨ દેશમાં પસાર થઈને હેમખેમ લંડન પહોંચી ગયા છે. ૬૦ વર્ષના હેમાંગભાઈએ વિવિધ દેશોમાં થઈ ૫૫ દિવસ વાહન હંકારવાની ચેલેન્જ ઉપાડી



લીધી હતી. આ પડકાર સહેલો ન હતો પરંતુ, તુર્કી, મધ્ય યુરોપ, સ્કેન્ડેનેવિયા અને પશ્ચિમ યુરોપમાંથી પસાર થયા પછી ૮ ઓક્ટોબરે પ્રવાસ પૂર્ણ થયો ત્યારે હેમાંગભાઈ અને તેમના પત્ની પ્રીતિબહેનને લાગ્યું કે તેમના જીવનમાં આ પ્રવાસ સૌથી રોમાંચક અને ઉત્તેજનાપૂર્ણ હતો. આ પ્રવાસ પડકારમાં કુલ ૨૩ લોકો સામેલ થયા હતા.

(Source : www.gujarat-samachar.com)

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિ:

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર




બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# હિંગોળગઢ

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં આવેલું હિંગોળગઢ ગામ જસદણ અને વિંછીયાને જોડતા મીટરગેજ રેલમાર્ગથી તેમજ પાકા રસ્તાથી જોડાયેલું છે. હિંગોળગઢ રાજકોટથી ૭૮ કિલોમીટર દૂર અને જસદણથી ૧૮ કિલોમીટરે આવેલો છે.

ચારેકોર લીલીછમ ચાદર પ્રકૃત્તિએ બિછાવેલી હોય અને ઊંચા ટેકરા પર મોરની કલગી સમાન તે જમાનાની યાદ આપતો ઉન્નત મસ્તકે હિંગોળગઢ લોકોને આવકારતો હોય તેવું લાગે છે. સૌરાષ્ટ્રમાં આવો લડાયક ગઢ ભાગ્યે જ હશે. દૂરથી કળાતો હિંગોળગઢ જાણે આકાશ સાથે વાતો કરતો હોય એવો દીસે છે. આ ગઢ દરિયાની સપાટીથી ૩૩૫ મીટર ઊંચો છે. ચારેબાજુ અસંખ્ય વૃક્ષોની ઝાડી ગઢની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. હિંગળાજ માતાના નામ પરથી આ ગઢનું નામ હિંગોળગઢ પડ્યું છે. ઊંચા ડુંગરની ટોચ પર બનાવેલો ગઢ આજે પણ બેનમૂન છે.

હિંગોળગઢ પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્રની સાથે હિંગોળગઢ ઐતિહાસિક વારસાની ધરોહર સમાન છે. આ ગઢની સ્થાપના ૧૮૦૧ની સાલમાં જસદણના રાજવી વાજસૂર ખાચરે કરી હતી. વાજસૂર ખાચર માતા હિંગળાજના ભક્ત હતા એટલે હિંગળાજ માતાનું અધિષ્ઠાન કરી હિંગળાજ માતાના નામ પરથી ગઢનું નામ હિંગોળગઢ રાખ્યું.

જસદણ દરબાર શ્રી વાજસૂર ખાચરે બનાવડાવેલો હિંગોળગઢ કિલ્લો ખરેખર અદભુત અને જોવાલાયક છે. કહેવાય છે કે, કાઠિયાવાડમાં હિંગોળગઢને બાદ કરતા આવા બીજા પાંચ કિલ્લા બનેલા છે. તેમાં એક ગોંડલ સ્ટેટમાં આવેલ અનળગઢનો કિલ્લો, બીજો ખીરસરાનો, ત્રીજો રાજપરાનો, ચોથો બરડાના ધક્કામાં મોડપરનો કિલ્લો, તથા પાંચમો કિલ્લો એટલે ભિમોરાનો ગઢ. પરંતુ આ બધામાં હિંગોળગઢનો કિલ્લો એક જ એવો છે કે જે આજની તારીખમાં અડીખમ ઊભો છે, તેની એક કાંકરી પણ ખરી નથી એવું સચોટ બાંધકામ કરવામાં આવેલું છે.



રાજકોટ જિલ્લાના જસદણ ગામથી વિંછીયા તરફ જતાં રસ્તામાં ઊંચા ટેકરા પર એક ગઢ દેખાય છે. આ ગઢ એટલે જ હિંગોળગઢ. રાજકોટથી બોટાદ જતાં રસ્તામાં ૭૮ કિમી દૂર અને જસદણથી ૧૮ કિમી દૂર આ હિંગોળગઢ આવેલો છે. આ હિંગોળગઢની રચના કેવા અરસામાં થઇ તેનો થોડો ઇતિહાસ જાણવા જેવો છે. ઇ.સ. ૧૭૯૫ની આસપાસના સમયમાં સેલા ખાચરે ઘોડી અને

તલવાર વાજસૂર ખાચરને સોંપી જસદણની ગાદીએ બેસાડયા. વીર વાજસૂર ખાચર તે જમાનાના કાઠી સરદારોમાં મુખ્ય હતા અને તેમણે સામ, દામ, દંડ અને ભેદથી અરાજક તત્વોને દબાવીને જસદણના બેતાલીસ ગામોમાં શાંતિની સ્થાપના કરી હતી.



પોતાના પંથકમાં લોકો સુખ-શાંતિથી રહી શકે એવા ઉદ્દેશ્યથી દરબારસાહેબ વાજસૂરે જસદણ અને વિંછીયા ગામની વચ્ચે આવેલા અને મોતીસરીની વીડ તરીકે ઓળખાતા ઊંચા ટેકરા ઉપર મોટો ગઢ બંધાવવાનું કામ હાથ ધર્યું. કહેવાય છે કે પ્રથમ વખત જે ટેકરા પર ગઢ બાંધવાની વાજસૂર ખાચરે શરૂઆત કરેલી ત્યાં જામનગરના સેનાધિપતિ મેરુ ખવાસે જામ જસાજીને ચડાવીને ગાયકવાડી લશ્કરની મદદથી ગઢ તોડાવી પાડેલા. તેમ છતાં વીર વાજસૂર ખાચર હતાશ બન્યા નહીં.

જામ જસાજીના લગ્ન ધાંગધ્રાના પ્રધાન રાજા સાહેબ શ્રી ગજસિંહજીના કુંવરીબા સાથે થયા ત્યારે મૈત્રાચારીનો હાથ લંબાવતા જસદણ બાજુ આવેલા આટકોટ ગામ જામ જસાજીએ હાથ ઘરણામાં ભેટ ધર્યું અને જામનગર સાથે જસદણની મિત્રતા મજબૂત થઇ. અને આ નાનો અમથો અવરોધ દૂર થયો એટલે ઇ.સ. ૧૮૦૧માં દરબાર સાહેબ શ્રી વાજસૂર ખાચરે મોતીસરીની વીડના બીજી બાજુના ડુંગર ઉપર ગઢને બાંધવાની શરૂઆત કરી. શ્રી વાજસૂર ખાચર માતા હિંગળાજના પાક્કા ભક્ત હતા એટલે જ તેમણે હિંગળાજ માતાનું અધિષ્ઠાન કરી અને હિંગળાજ માતાના નામ પરથી જ આ ગઢનું નામ હિંગોળગઢ રાખ્યું.


સૌરાષ્ટ્ર પંથકમાં આવો લડાઈ રક્ષક ગઢ ભાગ્યે જ હશે. દૂરથી હિંગોળગઢને જોતા જાણે આકાશથી વાતો કરતો હોય એવો દેખાય છે. દરિયાની સપાટીથી ૩૩૫ મીટર (૧૧૦૦ ફૂટ) ઊંચાઈ પર આવેલા આ ગઢની ચારેબાજુ અસંખ્ય વૃક્ષોની ઝાડી ગઢની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. હિંગોળગઢની શોભા ચોમાસામાં સોળે કળાએ ખીલી ઉઠે છે. પ્રકૃત્તિએ ચારેકોર લીલીછમ ચાદર બિછાવેલી હોય અને ઊંચા ટેકરા પર મોરની કલગી સમાન જુના જમાનાની યાદ આપતો ઉન્નત મસ્તકે હિંગોળગઢ લોકોને ભાવથી આવકાર આપતો હોય તેવું લાગે છે.

હિંગોળગઢની બનાવટ અને બાંધકામ યુદ્ધ કલાની દ્રષ્ટિએ અને વ્યુહાત્મક રીતે ખુબજ બેનમૂન અને ઉત્તમ છે. જાણે યુરોપની ધરતીનો નમૂનો જ જોઇ લ્યો. આ ગઢને ફક્ત પશ્ચિમે જસદણ બાજુ એક જ દરવાજો છે. દરવાજો વટાવીને અંદર પ્રવેશતાંની સાથે જ મોટો ચોક આવે છે. હિંગોળગઢમાં તમને દરબાર સાહેબ શ્રી વાજસૂર ખાચરના વખતની જુનવાણી તોપો જોવા મળશે. આ ઉપરાંત પાણીના મોટા ટાંકાઓ, અનાજના મસમોટા કોઠારો વગેરે દરેક જાતની સગવડો અહીં બનાવવામાં આવેલી હતી, લડાઇના વખતમાં આ કિલ્લો દરેક રીતે સંપૂર્ણ નિર્ભય બનાવે તેવી રીતે બંધાવેલો છે.

હિંગોળગઢની સંપૂર્ણ રચના વાસ્તુશાસ્ત્ર આધારિત થયેલી છે જેના બન્ને છેડે ગોળાકાર આકારમાં ગઢ બાંધવામાં આવ્યા છે. નૈઋત્ય ખુણાના કોઠારમાં હજુરની ઓફિસ રાખવામાં આવતી હતી. હિંગોળમાતાની મેડીમાં મોટા વાજસૂર ખાચરના હથિયારો તે વખતમાં રાખવામાં આવતા હતા. વીંછીયાથી આવતા સામા દેખાતા હિંગોળગઢની શોભા જોવા જેવી છે. ઝરૂખાઓ અને રંગબેરંગી કાચની બારીઓ તથા બારણાઓ ખુબ જ સુંદર લાગે છે.

પર્યાવરણીય પરિસ્થિતિના વ્યાપક સંદર્ભમાં જોતાં ગુજરાત રાજ્યના કેટલાક ભાગો તેનાં પ્રાણીઓ અને પક્ષીઓ માટે ભારતભરમાં જાણીતા બનેલા છે, જેમ કે ગીરના જંગલમાં વસતા એશિયાઈ સિંહ તથા કચ્છના રણમાં વિચરતાં ઘુડખર; તે જ રીતે નળસરોવર ત્યાંનાં યાયાવર પક્ષીઓ માટે જાણીતું છે. આ માટે ગુજરાતના ભૂપૃષ્ઠની તેમજ સ્થળભેદે પ્રવર્તતી આબોહવાની વિવિધતાને કારણભૂત ગણાવી શકાય.

જેઓ પ્રકૃતિપ્રેમીઓ છે, જેઓ વન્યજીવનના ચાહકો છે, તેમને માટે રાજકોટ જિલ્લાના જસદણથી માત્ર ૧૦ કિમી.ને અંતરે આવેલું










હિંગોળગઢનું વન્યજીવન અભયારણ્ય જોવાલાયક સ્થળ છે. તે 'હિંગોળગઢ નેચર એજ્યુકેશન સેંક્ચ્યુરી' નામથી ઓળખાય છે. ગુજરાતના સ્થાનિક લોકો ઉપરાંત નિસર્ગપ્રેમીઓની વન્યજીવન અંગેની જાગૃતિ કેળવાય અને તેની જાળવણી માટેની પર્યાવરણીય પરિસ્થિતિની જરૂરી જાણકારી મળી રહે તે માટે અહીં સમયાંતરે શિબિરોનું આયોજન કરવામાં આવે છે. આ માટે નિષ્ણાતો જરૂરી પર્યાવરણ જળવાઈ રહે તેનું સતત ધ્યાન રાખે છે.

આ અભયારણ્યનું જંગલ અંદાજે ૬૫૪.૫ હેક્ટર ભૂમિ પર પથરાયેલું છે. અહીંની ભૂમિનું સ્થળદદશ્ય અસમતળ છે; એટલું જ નહિ, તે અંશતઃ પડતર ભૂમિનું બનેલું છે. આ અભયારણ્યનો વધુ વિકાસ થાય તે માટે શૈક્ષણિક સંશોધનો પણ થાય છે. આ હેતુ સિદ્ધ કરવા અહીં વૃક્ષારોપણ પણ કરાતું રહે છે તેમજ તેમાં વસતાં પ્રાણીઓના વ્યવસ્થિત ઉછેરની પૂરતી કાળજી પણ રખાય છે. અહીં વિચરતાં પ્રાણીઓમાં ચિંકારા, દીપડા, વાગોળ, જરખ અને વરુ મુખ્ય છે. વળી લક્કડખોદ, બુલબુલ, બાબલર વગેરે જેવાં પક્ષીઓ પણ જોવા મળે છે. આ કારણે અહીં પ્રાણીવિદો અને પક્ષીવિદો અભ્યાસાર્થે આવતા રહે છે. પક્ષીચાહકો માટે આ એક એવું સ્થાન છે જ્યાં ટપકીવાળાં ગરુડ અને કલગીવાળા બાજ નજરે નિહાળવા મળે છે. મોસમ પ્રમાણે અહીં યાયાવર પક્ષીઓની અવરજવર પણ રહે છે.

ગઢની સામેની બાજુ નીચે આવેલું આ હિંગોળગઢનું પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્ર દૂરદૂરના વિદ્યાર્થીઓને પ્રાકૃતિક શિક્ષણ મેળવવા આકર્ષે છે. આજુબાજનો વિસ્તાર પહાડી જંગલ વિસ્તાર હોવાથી રોઝ, નીલગાય, હરણ વગેરે તૃણભક્ષી પ્રાણીઓ વિહાર કરે છે. પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્રની અંદર રાત્રે રહી શકાય તે માટે ટેન્ટો બનાવવામાં આવી છે. પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્રમાં ભીમકૂઇ આવેલી છે. એવી લોકવાયકા છે કે પાંડવો વનવાસ કરી રહ્યા હતા તે દરમિયાન તરસ લાગતા ભીમે પાટુ મારી કૂવો ખોદ્યો હતો અને બાજુમાં શિવલિંગની સ્થાપના કરી તેમનું પૂજન કર્યું હતું.

હિંગોળગઢથી તદ્દન નજીક આવેલું ઘેલા સોમનાથ નામનું પવિત્ર યાત્રાધામ પણ જાણવા અને માણવાલાયક સ્થળ છે

(Sources & Photo Courtesy : https://gujarativishwakosh.org, www.divyabhaskar.co.in, https://kathiyawadikhamir.com, https://upload.wikimedia.org, https://lh3.googleusercontent.com, www.nitinmaheta.com, www.tourismnewslive.com, https://dynamic-media-cdn.tripadvisor.com)





# યુએસ ગ્રીન કાર્ડ રિન્યૂઅલ માટેની મુદતમાં ૨૪ મહિનાનો વધારો

યુએસ સિટિઝનશીપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીઝ (USCIS) તરફથી પરમેનન્ટ રેસિડન્ટ કાર્ડ (ગ્રીન કાર્ડ)ની વૅલિડિટી આપોઆપ ૨૪ મહિના માટે લંબાવવા માટેનો નિર્ણય કરાયો છે. ગ્રીન કાર્ડ રિપ્લેસમેન્ટ માટે કાયદેસરના વસાહતીઓએ Form I-90 ભરીને અરજી કરી હોય છે, તેની મુદતમાં ૨૪ મહિનાનો વધારો ૨૬ સપ્ટેમ્બરથી લાગુ કરાયો છે.

કાયદેસરના પરમેનન્ટ રેસિડન્ટ હોય અને તેમણે ગ્રીન કાર્ડની મુદત પૂર્ણ થવાની હોય ત્યારે તેને લંબાવવા માટે યોગ્ય રીતે Form I-90 ફાઈલ કર્યું હોય ત્યારે અગાઉ ૧૨ મહિના સુધીનું એક્સટેન્શન આપવામાં આવતું હતું. તેની સામે હવે USCISએ નિર્ણય કર્યો છે કે Form I-90 ભરાયું હોય તેની રિસિટ નોટિસમાં ગ્રીન કાર્ડની વૅલિડિટી ૨૪ મહિના સુધી લંબાવવામાં આવશે. અત્યાર સુધીમાં જે Form I-90 પેન્ડિંગ છે, તેને નોટિસ મોકલવામાં આવે ત્યારે ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨થી આ રીતે સુધારો કરીને મોકલવામાં આવી રહી છે.

આ રીતે રિસિટ નોટિસ મળી હોય તેને એક્સપાયર થઈ ગયેલા ગ્રીન કાર્ડ સાથે રજૂ કરી શકાય છે અને તે રીતે દર્શાવી શકાય છે કે તેમનું સ્ટેટસ ચાલુ રહ્યું છે. હાલમાં પ્રોસેસિંગમાં બહુ સમય લાગી રહ્યો હોવાથી અરજદારોની અરજીઓનો નિકાલ થતો નથી અને તેથી આ એક્સટેન્શનને કારણે તેમને રાહત મળશે. ગ્રીન કાર્ડ રિન્યૂ થવામાં સમય લાગે તે દરમિયાન આ રીતે નોટિસથી તેમનું કામ ચાલી જશે.

અરજી કરી હોય અને હજી સુધી રિપ્લેસમેન્ટ ગ્રીન કાર્ડ ના મળ્યું હોય ત્યારે સ્ટેટસના પુરાવા માટે USCIS કોન્ટેક્ટ સેન્ટરનો સંપર્ક કરીને ફિલ્ડ ઓફિસ માટેની એપોઇન્ટમેન્ટ માગવી જોઈએ. આવી સ્થિતિમાં USCIS તરફથી એલિયન ડૉક્યુમેન્ટેશન, આઈડેન્ટિફિકેશન અને ટેલિકમ્યુનિકેશન્સ (ADIT) સ્ટેમ્પ આપવામાં આવી શકે છે. Form I-90 ભરો તે પછી આવી સ્ટેમ્પ મળી શકે છે. વધુ માહિતી માટે ગ્રીન કાર્ડ USCISની વૅબસાઇટ પર રિપ્લેસ યોર ગ્રીન કાર્ડ (Replace Your Green Card) પેજ જોઈ શકો છો. તેની લિન્ક આ પ્રમાણે છે: https://www.uscis.gov/newsroom/alerts/uscis-extends-green-card-validity-extension-to-24-months-for-green-card-renewals

(Source : https://gujarattimesusa.com)

# ડિસેમ્બરથી લાગુ પડશે USCISના પબ્લિક ચાર્જ ઇનએડમિસિબિલીટી

અમેરિકાની સિટીઝનશીપ અને ઈમિગ્રેશન સર્વિસીઝ (USCIS) તરફથી પબ્લિક ચાર્જ ઇનએડમિસિબિલીટીના નિયમો જાહેર થયા છે તે ડિસેમ્બરથી લાગુ પડશે. તમે અમેરિકામાં પ્રવેશ માટે અથવા કાયદેસરના કાયમી વસાહતી બનવા માટે અરજી કરો ત્યારે જો તમે 'પબ્લિક ચાર્જ બનો તેવી શક્યતા છે' એવું USCIS લાગે ત્યારે તે અંગે નિર્ણય કરી શકે છે. પબ્લિક ચાર્જનો અર્થ એ કે તમારે કદાચ સરકારી સહાય પર નિર્ભર રહેવું પડશે એવું USCIS નક્કી કરી શકે છે. 23 ડિસેમ્બર, 2022થી નિયમ લાગુ પડશે અને તે દિવસે કે તેના પછી થયેલી અરજીઓ માટે તેનો અમલ થશે. તે અગાઉની અરજીઓ માટે USCIS 1999ના ઇન્ટરીમ ફિલ્ડ ગાઇડન્સ અનુસાર કામ કરશે, જે 9 માર્ચ, 2021થી અમલમાં છે.

કોઈને અમેરિકામાં પ્રવેશ કે કાયમી વસાહત માટે નિર્ણય કરવાનો હોય ત્યારે તેનો બોજ સરકાર પર ના પડે, રાષ્ટ્રના હિતો સચવાય તે નિર્ણય કરવા આવું જરૂરી છે. સાથે જ કાયદેસર રીતે સરકારી લાભો લેવા માટે લાયક હોય તે લોકો પણ ઘણી વાર પબ્લિક ચાર્જનો નિયમ લાગુ પડશે એ ભયે લાભો લેવા માટે અરજી કરતા નથી.

(Source : https://gujarattimesusa.com)

# કેનેડાની ઈમિગ્રન્ટ વસતીનો હિસ્સો ૨૩ ટકાએ પહોંચ્યો.

કેનેડાની વસતીના ૨૩ ટકા લોકો લેન્ડેડ ઈમિગ્રન્ટ અથવા દેશના કાયમી નિવાસી છે, એવું એક નવો અહેવાલ દર્શાવે છે. 'પોર્ટ્રેટ ઓફ ઈમિગ્રેશન ટુ કેનેડા' શીર્ષક ધરાવતો આ અહેવાલ દર્શાવે છે કે કેનેડામાં કુલ ૮૩ લાખ ઈમિગ્રન્ટ્સ છે, જે કેનેડાની વસતીમાં ઈમિગ્રન્ટનો અત્યાર સુધીનો સૌથી વધુ હિસ્સો છે.

સ્ટેટિસ્ટિક્સ કેનેડા આગાહી કરે છે કે કેનેડાની ઈમિગ્રન્ટ વસતી ૨૦૪૧ સુધીમાં ૩૪ ટકા જેટલી વધી જશે. ૨૦૧૬ અને ૨૦૨૧ની વચ્ચે, ૧૩ લાખથી વધુ નવા કાયમી રહેવાસીઓ કેનેડામાં સ્થાયી થયા અને તેમાંથી અડધાથી વધુ આર્થિક વર્ગ હેઠળ આવ્યા.

તેમાંથી એક તૃતીયાંશથી વધુ લોકો કાયમી વસવાટ મેળવતા પહેલા કેનેડામાં રહેતા હતા. ૨૦૧૬ અને ૨૦૨૧ની વચ્ચે, કેનેડાના લેબર ફોર્સના વિકાસમાં ઈમિગ્રન્ટ્સનો હિસ્સો લગભગ ૮૦ ટકા હતો.

અહેવાલ દર્શાવે છે કે કેનેડામાં ઈમિગ્રન્ટ્સ માટે એશિયા ટોચનો સ્રોત છે. તાજેતરના ઈમિગ્રન્ટ્સમાંથી આશરે ૬૨ ટકા એશિયામાં જન્મ્યા હતા, જેમાં ૧૮.૬ ટકા એકલા ભારતમાંથી આવ્યા હતા જ્યારે ફિલિપાઇન્સમાંથી ૧૧.૪ ટકા નવા આવનારાઓનો હિસ્સો છે, ત્યારબાદ ચીનનો હિસ્સો ૮.૯ ટકા છે.

પાંચમાંથી એક કેનેડિયન નિવૃત્તિની ઉંમરની નજીક હોવાથી, ૨૦૧૬ અને ૨૦૨૧ની વચ્ચે કેનેડામાં આવેલા લગભગ ૧૦.૯ ટકા નવા ઈમિગ્રન્ટ્સ ૧૫ થી ૨૪ વર્ષની વયના યુવાન હતા. મોટા ભાગના કોર-એજ વર્કર્સ હતા જેઓ ૨૫ થી ૫૪ વર્ષની વચ્ચે હતા. ૧૫ વર્ષથી નીચેના બાળકો નવા આવનારાઓના ૧૭.૧ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

૨૦૨૨માં, કેનેડા દેશમાં લગભગ ૪,૩૨,૦૦૦ નવા ઈમિગ્રન્ટ્સને આવકારવા માંગે છે જે ભારતીયો માટે મોટી તક બની રહેશે.

(Source : www.hindustantimes.com)

# દેશનું પ્રથમ હાઈડ્રોજન બાઈક ગુજરાતમાં બનશે



દેશનું પ્રથમ હાઈડ્રોજન બાઈક ગુજરાતમાં બનશે. આ અંગે આણંદની ચરોતર ગેસ સહકારી મંડળી લિ અને ટ્રાઈટન ઈલે. વ્હીકલ વચ્ચે MoU થયા. તેથી સમગ્ર ભારતમાં સંભવતઃ વિશ્વમાં પ્રથમ વખત હાઈડ્રોજનથી ચાલતાં ટુ-વ્હીલર બનાવવાની દિશામાં ટ્રાઈટન ઈલેક્ટ્રીક વ્હીકલ (ટીઈવી) કંપની દ્વારા હાઈડ્રોજનના વ્હીકલ બનાવવામાં આવશે. અલબત્ત, કંપની દ્વારા આ માટે સૌપ્રથમ ટુ-વ્હીલર બનાવવામાં આવ્યા હોવાના દાવા સાથે તેનું પ્રોડ્કશન પણ આગામી જાન્યુઆરી માસમાં શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

હાઈડ્રોજનથી મોપેડ ચલાવવામાં આવે તેવો પાઈલટ પ્રોજેક્ટ પ્રથમ વખત નડિયાદ ખાતેથી શરૂ થશે. નડિયાદ ખાતેના પ્લાન્ટમાં તેનું ઉત્પાદન આગામી જાન્યુઆરી માસથી શરૂ કરી દેવામાં આવશે. કંપનીના સૂત્રોના જણાવ્યા અનુસાર, અંદાજિત રૂપિયા બે લાખની કિંમતનું બાઈક રહેશે, જે અંદાજિત ૧૯૯ની એવરેજ આપશે. એટલે ચાર્જ કરવું કે વારંવાર ફૂએલ ટેન્ક ફૂલ કરવાનો કોઈ પ્રશ્ન નહીં રહે. આ ઉપરાંત, મેઈન્ટેનન્સ પણ ઝીરો રહેવાનો દાવો કરવામાં આવ્યો છે.

હાઈડ્રોજન વાહન તમામ પ્રકારના સલામતીના પગલાંમાંથી પસાર કરીને બજારમાં મૂકવામાં આવ્યું છે એમ એમઓયુ દરમિયાન હાજર રહેલાં હાઈ પાવર સિસ્ટમ યુ. કે.ના સીઈઓ જય પટેલે જણાવ્યું હતું કે, હાઈડ્રોજન ગ્રીન ફ્યુલથી પોલ્યુશન નહીંવત થશે, જેનો ફાયદો પર્યાવરણને થશે.

(Source : www.divyabhaskar.co.in)

# સેમી કન્ડક્ટર બાદ ગુજરાતમાં સ્થપાશે મિલિટરી માટેના ટ્રાન્સપોર્ટ પ્લેનનો પ્લાન્ટ

ગુજરાતમાં એક જ મહિનામાં બીજો મોટો પ્રોજેક્ટ આવી રહ્યો છે. ટાટા અને એરબસ મળીને મિલિટરી માટે ૨૨૦૦૦ કરોડના ખર્ચે ટ્રાન્સપોર્ટ પ્લેન બનાવવા માટે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ નાખશે. દુનિયાભરની એરફોર્સનું મનપસંદ પ્લેન C-295ના પ્રોડક્શન યુનિટ વડોદરામાં નાંખવામાં આવશે. તેના માટે ટાટા-એરબસના પ્રસ્તાવનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. આમ હવે આ પ્લેન 'મેક ઈન ઇન્ડિયા' હેઠળ ભારતમાં જ બનાવવામાં આવશે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે, ભારતીય વાયુસેનામાં સૌથી વધુ ટ્રાન્સપોર્ટ વિમાન આ મોડલના જ છે. આ ઉપરાંત વાયુસેના C-ગ્લોબમાસ્ટરનો પણ ઉપયોગ કરે છે.

સંરક્ષણ સચિવે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે ગત મહિને જ એરબસ પાસેથી ૫૬ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ ખરીદવા માટે મંજૂરી આપી દીધી છે. આ કોન્ટ્રાક્ટ અંતર્ગત ૧૬ એરક્રાફ્ટ તૈયાર હાલતમાં હશે અને બાકીના ૪૦નું ભારતમાં મેન્યુફેક્ચરિંગ કરવામાં આવશે. ખાનગી કંપની દ્વારા મિલિટરી એરક્રાફ્ટનું મેન્યુફેક્ચરિંગ કરવામાં આવતું હોય એવો આ દેશનો પહેલો પ્રોજેક્ટ છે. ૧૬ એરક્રાફ્ટ સપ્ટેમ્બર ૨૦૨૩ અને ઓગસ્ટ ૨૦૨૫ની વચ્ચે પ્રાપ્ત થશે. જ્યારે ગુજરાતમાં બનેલા એરક્રાફ્ટની ડિલિવરી સપ્ટેમ્બર ૨૦૨૬માં મળશે. ઉલ્લેખનીય છે કે, C-295 ટ્રાન્સપોર્ટ પ્લેનમાં ક્વિક રિએક્શન માટે રેમ્પ ડોર, ટ્રૂપ્સ માટે પેરા ડ્રોપિંગ અને કાર્ગોની સુવિધા પણ હશે.

ગત સપ્ટેમ્બરમાં ગુજરાતમાં સેમી કન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ નિર્માણ માટે ફોક્સકોન અને વેદાંતા ગ્રુપ દ્વારા ૧,૫૪,૦૦૦ કરોડના રોકાણ માટેના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. રાજ્યના એક લાખ જેટલા યુવાઓને રોજગાર મળશે અને રાજ્યમાં તાઇવાનની ફોક્સકોન અને વેદાંતા ચીપનું સંયુક્તપણે નિર્માણ કરશે. સેમી કન્ડક્ટર ક્ષેત્રમાં આ દેશનું સૌથી મોટું રોકાણ છે.

(Source : www.divyabhaskar.co.in)

# ગુજરાત સરકાર દ્વારા ખાણ ખનિજ ક્ષેત્રે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસને વેગ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ખાણ ખનિજ ક્ષેત્રે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસને પ્રોત્સાહિત કરતા ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (સુધારા) નિયમો-૨૦૨૨માં જાહેરહિત અને વહીવટી સરળીકરણના ધ્યેય સાથે ખાણકામ નિયમોમાં સુધારા જાહેર કર્યા છે. આ મુજબ રાજ્યમાં હવેથી ખાનગી જમીન માલિકોને ૪ હેક્ટર સુધીના વિસ્તાર તમામ ગૌણ ખનિજો માટે જાહેર હરાજી વગર અરજી આધારિત નિયમાનુસારના પ્રીમીયમથી લીઝની ફાળવણી કરવામાં આવશે. એટલું જ નહિ, જે-તે વિસ્તારમાં મળેલી મંજૂરી, એન.ઓ.સી., એન્વાયરમેન્ટ કલીયરન્સ, ફોરેસ્ટ કલીયરન્સ તેમજ મહેસૂલી અભિપ્રાય વગેરેને નવી મંજૂરી સમયે માન્ય ગણવામાં આવશે. એટલે કે આવી મંજૂરીઓ બીજીવાર લેવાની જરૂરિયાત રહેશે નહિ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એવો નિર્ણય પણ આ નિયમોમાં સુધારા અન્વયે કર્યો છે કે, પડતર 'સેવ્ડ' કેસોની મંજૂરી માટેની સમયમર્યાદા જે ૨૦૨૨માં પૂર્ણ થતી હતી તે વધુ ત્રણ વર્ષ એટલે કે ૨૦૨૫ સુધી વધારી આપવામાં આવી છે. તેમણે અન્ય એક મહત્વનો અને લીઝ ધારકોને આર્થિક રાહત આપતો સુધારો એ પણ કર્યો છે કે, બાકી લેણાની વ્યાજના દરોમાં ૬ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. હાલ ૧૮ ટકા છે તે ઘટાડીને હવે ૧૨ ટકાનો વ્યાજ દર કરવામાં આવ્યો છે.

ખાણકામના નિયમોમાં જે અન્ય સુધારાઓ મુજબ જાહેર હરાજીથી પ્રથમ તબક્કામાં ભાગ લીધો હોય તેવા બિડર્સમાંથી ટેક્નીકલી ક્વોલીફાઇડ તમામ બિડર્સ બીજા તબક્કામાં ભાગ લઇ શકશે. આ ઉપરાંત આર્થિક બોજો વધે નહિં તે હેતુસર બિડરને ત્રણ તબક્કામાં અપફ્રન્ટ પેમેન્ટની સુવિધા આપવામાં આવશે. ઉપરાંત ખનિજ જથ્થો પૂર્ણ થઇ જાય અથવા વૈજ્ઞાનિક ઢબે ખાણકામ થઇ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં લીઝ ધારક આવો લીઝ વિસ્તાર પરત કરી શકશે. આ સુધારાઓને પરિણામે માઇનિંગ ઇન્ડસ્ટ્રીઝની રાજ્યમાં ઊભી થયેલી ઇકો સિસ્ટમમાં વધુ સરળીકરણ થશે. ખાણ ખનિજ ક્ષેત્રે પારદર્શિતા વધશે તેમજ પ્રક્રિયાઓ ઝડપી બનશે.

(Source : https://cmogujarat.gov.in)